જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર   ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦      ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૫/૫/૨૦૧૫ મંગળવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધીધારા હેઠળ ઝડપાયા :-   સમાચાર યાદી નં.૯૦૦/૧૫

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૭ કેસ કરી ૨૪ વ્યક્તિઓને ઝડપી, ૨૨૦ લીટર દેશી દારૂ કબજે કર્યો હતો.

તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-   સમાચાર યાદી નં.૯૦૧/૧૫

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૨૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી. ૯૩ મુજબ ૦૫ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

અપહરણઃ-   સમાચાર યાદી નં.૯૦૨/૧૫

નરોડા : દિપકભાઇ પોપટભાઇ સોલંકી (રહે.પાર્શ્વનાથ ટાઉનશીપ, વિ-૨, શિવાજી ચોક પાસે, નવા નરોડા) એ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૪/૫/૧૫ સવારનાં ૧૦/૦૦ વાગ્યાના સુમારે ઘર નજીકથી પોતાના પુત્ર અભિષેક (ઉ.વ.૧૫) ને કોઇ અજાણી વ્યક્તિ અપહરણ કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી સી.આર.સંગાડા ચલાવે છે.

નારણપુરા : વિનોદભાઇ ગણેશભાઇ પરમાર (રહે.ન્યુ ઇન્દીરાનગર, સુર્યલોક ટાવરની પાછળ, જુનાવાડજ) એ નારણપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૪/૫/૧૫ બપોરનાં ૧૨/૦૦ વાગ્યાના સુમારે ઘર નજીકથી પોતાના પુત્રી કાજલબેન (ઉ.વ.૧૬) તથા વિનોદભાઇનાં મોટાભાઇ જેસીંગભાઇની પુત્રી રીટાબેન (ઉ.વ.૧૭)ને કોઇ અજાણી વ્યક્તિ લલચાવી ફોસલાવી જારકર્મ કરવાના ઇરાદે અપહરણ કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી વી.આર.ભીલ ચલાવે છે.

છેતરપીંડીની ફરીયાદઃ-   સમાચાર યાદી નં.૯૦૩/૧૫

રામોલ : રાકેશભાઇ કાંતિલાલ પટેલ (રહે.આનંદધામ સોસાયટી, જે.કે.સ્ટીલની પાછળ, રામોલ) એ તા.૪/૫/૧૫ નારોજ રામોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૩/૪/૧૫ બપોરનાં ૧૨/૩૦ થી તા.૨૦/૪/૧૫ બપોરના ૩/૦૦ વાગ્યા દરમ્યાન આરોપી કાજલ વર્મા (જેના પુરા નામ સરનામાની ખબર નથી) રાકેશભાઇને ફોન કરી, રાકેશભાઇને વિશ્વાસમાં લઇ તેમનાં ક્રેડીટકાર્ડનો નંબર મેળવી લઇ, તે ક્રેડીટકાર્ડનાં નંબરથી મુંબઇ તેમજ અલગ-અલગ જગ્યાએથી કુલ રૂપીયા ૧,૦૦,૫૩૮/- ની ખરીદી કરી, રાકેશભાઇ સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એફ.એ.પારઘી ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

ઘરફોડઃ- સમાચાર યાદી નં.૯૦૪/૧૫

મણીનગર : ભારતીબહેન અલ્કેશસિંહ ગોહીલ (રહે, તપસ્વી ફ્લેટ, પૃથ્વી હોટલની બાજુમાં, મણીનગર) એ મણીનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૪/૫/૧૫ સવારના ૧૦/૪૫ થી સાંજનાં ૫/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘરનાં દરવાજાનું તાળુ તોડી, અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી, બેડરૂમમાં મુકેલ તીજોરીમાંથી સોના-ચાંદીના દાગીના અને રોકડ રૂપિયા ૫૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૧,૦૯,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી આઇ.એ.ઘાસુરા ચલાવે છે.

ચોરી :- સમાચાર યાદી નં.૯૦૫/૧૫

નારણપુરા : અશ્વીનભાઇ ભરતભાઇ પટેલ (રહે.સત્યમેવ છાવણી-૫, ગામ.સુઘડ, તા.જી.ગાંધીનગર) એ તા.૪/૫/૧૫ નારોજ નારણપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨/૫/૧૫ બપોરના ૩/૦૦ વાગ્યાના સુમારે કોઇ અજાણી વ્યક્તિ નવાવાડજ દેનાબેંકની એ.ટી.એમ.મશીન મુકવાની ખુલ્લી ઓરડીમાંથી દેના બેંકના મોનિટર નંગ-૦૪ તથા સી.પી.યુ નંગ- ૦૪ કુલ કિંમત રૂપિયા ૪૦,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી ડી.આર.ગઢવી ચલાવે છે.

સોનાની ચેઇન ખેંચી તોડી લઈ ગયાઃ- સમાચાર યાદી નં.૯૦૬/૧૫

ખોખરા : કુમારી ગીતાબહેન શાંતીલાલ સાદરીયા (ઉ.વ.૫૦)(રહે,મદ્રાસી મંદિર પાસે, નહેરૂનગર કાચા છાપરાંમાં, હાટકેશ્વર, અમરાઇવાડી) એ ખોખરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૪/૫/૧૫ સવારના ૧૧/૩૦ વાગ્યાના સુમારે હાટકેશ્વર સર્કલ પાસેથી ચાલતાં પસાર થઈ રહ્યા હતા દરમ્યાન એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ ગીતાબહેનના ગળામાંથી સોનાની ચેઇન કિમત રૂપિયા ૯૧,૫૨૫/- ખેંચી તોડી લઈ નાસી ગયા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એ.બી.ઠાકોર ચલાવે છે.

રામોલ : ટુકટુકીબહેન પ્રકાશભાઇ આવન (ઉ.વ.૪૦)(રહે,નિશીકપાર્ક, આદિનાથનગર ઓઢવ) એ રામોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૪/૫/૧૫ સવારના ૭/૧૫ વાગ્યાના સુમારે તનમન ભાજીપાંવ ચાર રસ્તા પાસે, સત્યમ આવાસના ગેટ નજીકથી પસાર થઈ રહ્યા હતા દરમ્યાન એક પલ્સર મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ ટુકટુકીબહેનના ગળામાંથી સોનાની ચેઇન કિમત રૂપિયા ૨૦,૦૦૦/- ખેંચી તોડી લઈ નાસી ગયા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એફ.એ.પારઘી ચલાવે છે.

વાહનચોરી :- સમાચાર યાદી નં.૯૦૭/૧૫

એલીસબ્રીજ : ડૉ.દિપલભાઇ મહેન્દ્રભાઇ શાહ (રહે.વાસુ પુજ્ય ફ્લેટ, સાધના સ્કુલની સામે, પ્રીતમનગર, એલીસબ્રીજ) એ તા.૨૦/૪/૧૫ રાતનાં ૮/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘર નજીક પોતાની અલ્ટો કાર નંબર જીજે.૦૧.એચ.જે.૯૫૧૮ કિંમત રૂપિયા ૧,૦૧,૪૧૮/- પાર્ક કરી હતી. જેની ચોરી તા.૨૧/૪/૧૫ સવારનાં ૧૧/૩૦ વાગ્યા દરમ્યાન થઇ હતી. આ અંગેની ફરીયાદ ડૉ.દિપલભાઇ શાહે તા.૪/૫/૧૫ નારોજ એલીસબ્રીજ પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી આર.જે.ગોહીલ ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

નવરંગપુરા : વિરમજી ગલાજી ઠાકોર (રહે. ગોતા હાઉસિંગ, હરીઓમ ચોક, ઓગણજ રોડ, સોલા) એ તા.૧/૫/૧૫ સવારનાં ૧૧/૩૦ વાગ્યાના સુમારે નવરંગપુરા, જુની હાઇકોર્ટ નજીક પોતાની ઓટોરીક્ષા નંબર જીજે.૦૧.ઝેડ.૩૩૬૮ કિંમત રૂપિયા ૮૦,૦૦૦/- પાર્ક કરી હતી. જેની ચોરી ૧૦ મીનીટમાં થઇ હતી. આ અંગેની ફરીયાદ વિરમજી ઠાકોરે તા.૪/૫/૧૫ નારોજ નવરંગપુરા પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ મ.સ.ઈ.શ્રી બાબુભાઇ મકનાભાઇ ચલાવે છે.

<u>વાહન અકસ્માતમાં મૃત્યુઃ-</u> <u>સમાચાર યાદી નં.૯૦૮/૧૫</u>

નરોડા : કલવીરસિંગ જગજીતસિંગ ગિલોસ્ન (રહે.નયનગર સોસાયટી, જૈન દેરાસર પાછળ, સૈજપુર) એ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૪/૫/૧૫ સવારના ૧૦/૦૦ વાગ્યાના સુમારે કૃષ્ણનગર ચાર રસ્તા પાસે આવેલ એ.એમ.ટી.એસ.બસ સ્ટેન્ડ નજીક, પોતાના દાદા ત્રિલોચનસિંગ (ઉ.વ.૭૬) એ.એમ.ટી.એસ.બસ નંબર જીજે.૧.બી.વી.૯૮૭૬ બસમાં ચઢવા જતાં હતા દરમ્યાન બસનાં ચાલકે બસ પુરઝડપે ચલાવતાં ત્રિલોચનસિંગ ઉપર બસનું ખાલી સાઇડનું ટાયર ચઢી જતાં, ત્રિલોચનસિંગનું સ્થળ ઉપર મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી જે.કે.રાઠોડ ચલાવે છે.

<u>આત્મહત્યાઃ-</u> <u>સમાચાર યાદી નં.૯૦૯/૧૫</u>

એલીસબ્રીજ : રામદિન રાજપુત (ઉ.વ.૫૮) (રહે.પટેલ ચોક, પાલડી) તા.૨૧/૪/૧૫ નાં રોજ કોઇ કારણસર સરદારબ્રીજ ઉપરથી સાબરમતી નદીમાં કુદી પડ્યા હતા. જેમને સારવાર અર્થે સિવીલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૩/૫/૧૫ સાંજનાં ૭/૩૦ વાગે તેમનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે એલીસબ્રીજ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી મનહરસિંહ નાથુસિંહ ચલાવે છે.

(ઇ.ચા.)નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)